સંક્ષિપ્ત સમાચાર

માંડવીના રેગામા ખાતે જિલ્લા કક્ષાનું કૌશલ્ય પ્રદર્શન યોજાયું

માંડવી: સમગ્ર શિક્ષા ગાંધીનગર તથા જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સુરતની પ્રેરણાથી અને સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત આયોજિત જિલ્લા કક્ષાનું કૌશલ્ય પ્રદર્શન-2026 રેગામા સ્થિત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ખાતે ઉત્સાહભેર અને ભવ્ય રીતે સંપન્ન થયું હતું. આ પ્રદર્શનમાં કેજીબીવી રેગામા, કેજીબીવી બિલવણ તેમજ કેજીબીવી આમલી દાભડાની વિદ્યાર્થિનીઓએ ઉમંગ અને આત્મવિશ્વાસ સાથે ભાગ લઈ પોતાની સર્જનાત્મક પ્રતિભાનો અનોખો પરિચય આપ્યો હતો. રેગામા ગામના સરપંચ ચિરાગભાઈ ચૌધરીએ વિદ્યાર્થિનીઓને પ્રેરણાદાયક માર્ગદર્શન આપ્યું હતું.

વાંકલની કોલેજમાં બ્લેક એન્ડ વ્હાઇટ ડે ઉજવાયો

વાંકલ: માંગરોળ તાલુકાના વાંકલ ખાતે આવેલ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં બ્લેક એન્ડ વ્હાઇટ ડેની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

સોનગઢમાં ૫.૮૫૩ કિલો ગાંજા સાથે એક ઝડપાયો

સોનગઢ: તાપી જિલ્લા એસ.ઓ.જી.એ સોનગઢના નવાગામ વિસ્તારમાંથી લાખોનો ગાંજો જપ્ત કર્યો હતો. એસ.ઓ.જી. પોલીસ સબ ઇન્સ્પેક્ટર ડી.આર.પ્રજાપતિને મળેલી ચોક્કસ બાતમીના આધારે નવાગામના જમાદાર ફળિયામાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન જીતેશ ઉર્ફે કાલીયો છનાભાઈ ગામીત (ઉ.વ.૩૨) પાસેથી ૫.૮૫૩ કિલોગ્રામ વનસ્પતિજન્ય ગાંજો મળી આવ્યો હતો. પોલીસે રૂ.૨,૯૨,૬૫૦ની કિંમતનો ગાંજો અને અન્ય સામાન મળી કુલ રૂ.૨,૯૮,૪૭૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી વિરુદ્ધ સોનગઢ પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી, નશીલા પદાર્થનો જથ્થો પૂરો પાડનાર અન્ય એક ઈસમને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મહુવામાં વિદેશી દારૂ સાથે એક પકડાયો

પલસાણા: સુરત એલસીબી પેટ્રોલિંગમાં હતી. દરમિયાન તેમની ટીમને બાતમી મળી હતી કે દમણથી એક મારુતિ અર્ટિગા કાર નં.(DD-03-K-5824)માં વિદેશી દારૂનો જથ્થો ભરીને મહુવા થઈ બારડોલી તરફ જનાર છે. આ બાતમીના આધારે મહુવા ગામની સીમમાં પૂર્ણા નદીના નવા પુલ પાસે નાકાબંધી કરવામાં આવી હતી. વોચ દરમિયાન શંકાસ્પદ કાર આવતા તેને અટકાવી તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂની 900 નંગ બોટલ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી આરોપી અંકિતભાઇ સતેન્દ્રકુમાર પટેલ (રહે.,દમણ)ને ઝડપી પાડ્યો છે. જ્યારે દારૂનો જથ્થો ભરાવનાર અને પાયલોટિંગ કરનાર શંકરકુમાર પંચમસિંગ યાદવ (રહે.,કડોદરા)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. આ સમગ્ર ઓપરેશનમાં પોલીસે ₹2,62,320ની કિંમતનો દારૂ, ₹5,00,000ની કિંમતની અર્ટિગા કાર, મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ ₹7,68,720નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

મોટી નરોલી નજીકથી દારૂ ભરેલી કાર ઝડપાઈ

હથોડા, પલસાણા: સુરત જિલ્લા એલસીબી પોલીસે બાતમીના આધારે મોટી નરોલી નજીકથી પસાર થઈ રહેલી ઇંગ્લિશ દારૂ ભરેલી કાર સાથે બીલીમોરાના બુટલેગર દીપક અંબાલાલ માલવીયાને ઝડપી પાડી બે જણાને વોન્ટેડ જાહેર કર્યા હતા. પેટ્રોલિંગમાં રહેલી એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, મોટી નરોલી નજીક હાઇવે પરથી જીજે 5 જેએચ 4218 નંબરની કાર દારૂ ભરીને પસાર થઈ રહી છે. જેથી અને એલસીબી પોલીસ કર્મચારી અનિલભાઈ રામજી તથા તેમની ટીમે વોચ ગોઠવી ઉપરોક્ત કારમાંથી ₹3,93,000નો દારૂ તેમજ કાર કબજે કરી બુટલેગર દીપક અંબાલાલ માલવીયા (રહે.,બીલીમોરા)ની ધરપકડ કરી હતી અને રમેશ તેમજ ગંદેર નામના ઇસમને વોન્ટેડ જાહેર કર્યા હતા.

કડોદમાં સમર્પણ ટ્રસ્ટ દ્વારા બાઈક સેફ્ટી ગાર્ડ વિતરણ

કડોદ: ઉતરાયણના પર્વ દરમિયાન પતંગની દોરીથી દ્વિચક્રિય વાહનચાલકોને થતા અકસ્માતોને અટકાવવા માટે સમર્પણ ટ્રસ્ટ કડોદ દ્વારા સતત ચોથા વરસે એક પ્રશંસનીય અને સેવાભાવી પહેલ કરવામાં આવી હતી. કડોદ ગામના મેઇન રોડ પરથી પસાર થતા દ્વિચક્રીય વાહનચાલકોની સુરક્ષા માટે ટ્રસ્ટ દ્વારા અંદાજે ૨૧૦ જેટલા બાઈક સેફ્ટી ગાર્ડ વિનામૂલ્યે લગાવી આપવામાં આવ્યા હતા.

આજે પ્રજાપતિ સમાજનો ૮મો સ્નેહમિલન સમારોહ યોજાશે

નેત્રંગ: પ્રજાપતિ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, ભરૂચ દ્વારા આજે રવિવારે આઠમો સ્નેહમિલન સમારોહ યોજાશે. ઝાડેશ્વર રોડ પર આવેલા પ્રસંગ પાર્ટી પ્લોટ ખાતે સવારે ૯થી ૧ દરમિયાન આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લાં આઠ વર્ષથી કાર્યરત આ ટ્રસ્ટનો મુખ્ય હેતુ જિલ્લામાં વસતા વિવિધ ગોળના પ્રજાપતિ (કુંભાર) સમાજના પરિવારોમાં સંગઠન, પરસ્પર સહકાર અને ભ્રાતૃભાવ વધારવાનો છે. આ પ્રસંગે વર્ષ-૨૦૨૫માં ધોરણ ૧૦-૧૨ તેમજ સ્નાતક, અનુસ્નાતક અને ડિપ્લોમામાં ઉત્તીર્ણ થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓનું તથા સમાજની વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવશે. આ સમારોહમાં આશીર્વચન પાઠવવા માટે ત્રિગુણાતીત ધ્યાન સેવા આશ્રમ, કુકરવાડાના પ.પૂ.૧૦૦૮ સ્વામી લોકેશાનંદજી મહારાજ ખાસ ઉપસ્થિત રહેશે. ટ્રસ્ટ દ્વારા આ સ્નેહમિલનમાં સમાજના તમામ ભાઈ-બહેનોને મોટી સંખ્યામાં સહભાગી થવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ખોડદામાં કાગળ પર આવાસ તૈયાર અને હપ્તા પણ સાફ!

'ભ્રષ્ટાચારના પાયા' પર રચાતી આવાસ યોજના, ભલું કોનું?

હકદાર મહિલાને લાભ મળી ગયો કહી તંત્રએ હાથ અધ્ધર કરી દીધા

કુકરમુંડા : નિઝર તાલુકાના ખોડદા ગામમાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગંભીર ગેરરીતિ થયાનો આક્ષેપ સામે આવ્યો છે. ખોડદા ગામના રહેવાસી રમીલાબેન વળવીએ તાલુકા વિકાસ અધિકારી, નિઝર સમક્ષ લેખિત રજૂઆત કરી પોતાની હકદાર આવાસ સહાય અન્ય વ્યક્તિને ગેરકાયદે રીતે આપવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો છે.

રજુઆતમાં જણાવ્યા મુજબ અરજદાર રમીલાબેન વળવી પાસે માન્ય જોબ કાર્ડ નં.GJ૨૬૦૦૩૦૧૮૦૦૧-૩૯૯૯૨૮૬૧ છે તથા તેમના નામે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં જીઓ-ટેગ પ્રક્રિયા પૂર્ણ થઈ આવાસ મંજૂર પણ કરવામાં આવ્યું હતું. તેમ છતાં ખોડદા ગામના ગ્રામ રોજગાર સેવક, સરપંચ અને તલાટી દ્વારા મેળાપીપણા કરી આ આવાસનો લાભ ખેરવા ગામના રહેવાસી નિતેશભાઈ ગોવુભાઈ પાડવીને આપવામાં આવ્યો હોવાનો ગંભીર આરોપ કરવામાં આવ્યો છે.

અરજદારે વધુમાં જણાવ્યું છે કે, ગ્રામ રોજગાર સેવક દક્ષાબેન દ્વારા તેમને જણાવવામાં આવ્યું હતું કે તેઓ આ યોજનાનો લાભ લઈ ચૂક્યા છે અને આવાસના બે હપ્તાની રકમ પણ ઉપાડી લેવામાં આવી છે, જ્યારે વાસ્તવમાં અરજદારે કોઈ રકમ પ્રાપ્ત કરી નથી. બાદમાં સરપંચ તથા તલાટી પાસે પણ રજૂઆત કરાઈ હતી, પરંતુ સંતોષકારક જવાબ મળ્યો ન હોવાનું અરજદારે જણાવ્યું છે. આ સમગ્ર મામલે નિઝર તાલુકા વિકાસ અધિકારી કચેરીએ દસ્તાવેજો સાથે રજૂઆત કરવા છતાં આજદિન સુધી કોઈ કાર્યવાહી કે જવાબ ન મળતાં અરજદારે દોષિત અધિકારીઓ અને સંકળાયેલા વ્યક્તિઓ સામે કાયદેસર તપાસ હાથ ધરવાની તથા પોલીસ ફરિયાદ દાખલ કરવાની માંગ કરી છે. પ્રધાનમંત્રી આવાસ યોજનામાં હકદાર લાભાર્થીને વંચિત રાખી ગેરલાભ આપ્યાનો આક્ષેપ સામે આવતાં તાલુકામાં ખળભળાટ મચ્યો છે. હવે જોવાનું રહેશે કે તંત્ર દ્વારા આ મામલે કેટલી ઝડપથી અને કડક કાર્યવાહી કરવામાં આવે છે.

કોસંબામાં લોહીથી ખરડાયેલા રસ્તા પર હવે સુરક્ષાની મહોર!

સર્કલ બનાવવાની શરૂઆત સાથે દિશાસૂચક બોર્ડ મૂકવા કામગીરી હાથ ધરાઈ

હથોડા: કોસંબાના ખરચ રોડ પર આવેલા ભરચક રહેણાક વિસ્તારોમાં દિશાસૂચક બોર્ડ અને સર્કલના અભાવે વારંવાર સર્જાતા જીવલેણ અકસ્માતોને પગલે સ્થાનિકોના ભારે વિરોધ બાદ આખરે તંત્ર હરકતમાં આવ્યું છે. તંત્ર દ્વારા આ માર્ગ પર જરૂરી સુરક્ષા કામગીરીનો પ્રારંભ કરવામાં આવતા લોકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે. કોસંબા-ખરચ રોડ પર આવેલા જકાતનાકા પાસેનો ઇદગાહ વિસ્તાર અત્યંત ગીચતા ધરાવે છે. આ માર્ગનો ઉપયોગ સ્થાનિક રહીશો ચોવીસ કલાક કરે છે, તેની સામે ભારે લોડિંગ વાહનોની અવરજવર પણ સતત ચાલુ રહે છે. લાંબા સમયથી આ માર્ગ પર વાહનોની ગતિ મર્યાદિત રાખવા માટે બમ્પ, વળાંક પાસે સર્કલ કે દિશા સૂચક બોર્ડ જેવી પાયાની સુવિધાઓનો અભાવ હતો, જેના કારણે નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓએ જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો.

ઇદગાહ વિસ્તારના જાગૃત નાગરિક સલીમ શાહ અને અન્ય રહીશો દ્વારા અકસ્માતો રોકવા માટે ગ્રામ પંચાયત અને સંબંધિત વિભાગોમાં અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી. જો કે, તંત્રની લાપરવાહીને કારણે આ માંગણીઓ સંતોષવામાં આવી નહોતી. તાજેતરમાં જ ફરી એકવાર અકસ્માત સર્જાતા એક આશાસ્પદ યુવાનનું મોત નીપજ્યું હતું, જેનાથી સ્થાનિકોનો સંયમ ખૂટ્યો હતો. આ ઘટના બાદ રોષે ભરાયેલા લોકોએ રસ્તા પર ઊતરી આવી તંત્રની નિષ્ક્રિયતા સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. અંતે તંત્રએ કામગીરી શરૂ કરી છે.

ચેક રિટર્નના ૭ કેસમાં આરોપીઓને ૨ વર્ષની જેલ

બારડોલી: બારડોલીની કોર્ટે નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ નોંધાયેલા ચેક રિટર્નના વિવિધ સાત કેસોમાં મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતા તમામ આરોપીઓને બે-બે વર્ષની જેલની સજા ફટકારી છે. આ કેસોમાં ફાઇનાન્સ કંપનીઓ, બેન્કો અને અંગત નાણાકીય વ્યવહારોનો સમાવેશ થાય છે. શ્રીરામ ફાયનાન્સમાંથી લોન લેનાર સુનિલ શ્રવણરામ ગોદારાનો રૂ.૩૯,૪૪૮નો ચેક બાઉન્સ થતા કોર્ટે તેને તકસૂરવાર ઠેરવ્યો છે. તેવી જ રીતે બારડોલી નાગરિક બેન્કમાંથી ૧.૫૦ લાખની લોન લેનાર સુરેશ મણીલાલ મિસ્ત્રીએ બાકી લેણાં પેટે આપેલો ૧.૧૭ લાખનો ચેક રિટર્ન થતાં અદાલતે તેને બે વર્ષની કેદની સજા ફટકારી છે.

શાલીભદ્ર ફાઇનાન્સના ત્રણ અલગ-અલગ કેસોમાં પણ કોર્ટે કડક વલણ દાખવ્યું છે. જેમાં અમરસિંહ કુબેર ગામીત, અનિલ નટવરસિંહ દેસાઈ અને અનિલ ચી મન ચૌધરી દ્વારા લોનના હપ્તા પેટે આપવામાં આવેલા ચેકો નાણાંના અભાવે પાછા ફરતા ત્રણેયને બે-બે વર્ષની જેલ અને વળતર ચૂકવવાનો આદેશ કરાયો છે. આ ઉપરાંત, સાગર ધનગરે મિત્રતાના નાતે પ્રભુ ઉર્ફે પપ્પુને રૂ. ૨.૫૦ લાખ ઉછીના આપ્યા હતા, જે પરત ન આપી વિશ્વાસઘાત કરવા બદલ પ્રભુભાઈને પણ બે વર્ષની સજા કરવામાં આવી છે. છેતરપિંડીના એક અન્ય કિસ્સામાં, પુત્રને વિદેશ મોકલવાના બહાને પ્રકાશસિંહ રાજપુરોહિત પાસેથી રૂ.૩ લાખ પડાવનાર ઈમિગ્રેશન સંચાલક જયદીપ ચંપક રાઠોડનો ચેક રિટર્ન થતા કોર્ટે તેને બે વર્ષની જેલ અને રૂ. ૩ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે જો આરોપીઓ વળતરની રકમ ચૂકવવામાં નિષ્ફળ જશે તો તેમણે વધુ ૬ માસની સજા ભોગવવી પડશે. એકસાથે સાત આરોપીઓને સજા થતા લોનનાં નાણાં ભરવામાં નિષ્ફળ રહેલા વર્ગમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

કોસંબા નજીક પિકઅપ અડફેટે આવેલા વૃદ્ધનું સારવાર દરમિયાન મોત

હથોડા: માંગરોળના મહુવેજ ગામની સીમમાં નેશનલ હાઈવે નં.48 પર હિટ એન્ડ રનની ઘટનામાં 65 વર્ષીય દિલીપ લખન ભુઈયા (રહે., કઠવાડા, માંગરોળ) નું મોત નીપજ્યું હતું. ગત 29 ડિસેમ્બર-2025ના રોજ આશીર્વાદ હોટલ સામે રોડ ક્રોસ કરતી વખતે GJ-05-BV-8083 નંબરની બોલેરો પિકઅપનો ચાલક વૃદ્ધને અડફેટે લઈ ગાડી લઈ ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઘાયલ દિલીપભાઈને સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન 9 જાન્યુઆરી-2026ના રોજ તેમનું મોત થયું હતું. આ અંગે મૃતકના સાથી કર્મચારી નંદલાલ ભુઈયાએ કોસંબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા બોલેરો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરત જિલ્લા ભાજપ સંગઠનમાં રિપીટ કે નો-રિપીટેશન?

હોદ્દેદારોની નિમણૂક મુદ્દે ભારે ઉત્તેજના અને અસમંજસની સ્થિતિ

એક ટીમ કહે છે કે જૂની ટીમ રહેશે, બીજી તરફ નવાં નામો મંગાવાયાંની ચર્ચા

બારડોલી: ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા આગામી સમયમાં સંગઠન માળખામાં ફેરફારની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે સુરત જિલ્લા ભાજપમાં હોદ્દેદારોની નિમણૂકને લઈને ભારે ઉત્તેજના અને અસમંજસ જોવા મળી રહી છે. અન્ય જિલ્લાઓમાં સંગઠનના હોદ્દેદારોને ચાર વર્ષ પૂર્ણ થયા હોવાથી ત્યાં 'નો રિપીટેશન' ફોર્મ્યુલા નિશ્ચિત મનાય છે, પરંતુ સુરત જિલ્લાની સ્થિતિ કંઈક અલગ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

સુરત જિલ્લા ભાજપ સંગઠનના વર્તમાન માળખાને હજુ માત્ર બે વર્ષ જેટલો જ સમય થયો છે. વળી, મહામંત્રી સહિતના અનેક હોદ્દેદારો હાલમાં હંગામી ધોરણે જવાબદારી નિભાવી રહ્યા છે. નિયમ મુજબ ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ થયો ન હોવાથી અહીં 'નો રિપીટેશન' ફોર્મ્યુલા લાગુ કરવી મુશ્કેલ જણાય છે. આ તર્કને આધારે રાજકીય વર્તુળોમાં એવી પ્રબળ શક્યતા જોવાઈ રહી છે કે વર્તમાન મહામંત્રીઓ અને સંગઠન માળખાને જ કાર્યરત રાખવામાં આવે.એક તરફ જૂના માળખાને રિપીટ કરવાની ચર્ચાઓ છે, તો બીજી તરફ પ્રદેશ કક્ષાએથી મોડી રાત્રે અચાનક નવા નામો મંગાવવામાં આવતા રાજકારણ ગરમાયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મહામંત્રી પદ માટે પ્રદેશ નેતૃત્વ દ્વારા ચોક્કસ નામો પર વિચારણા શરૂ કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે બારડોલી તાલુકા ભાજપના પૂર્વ મહામંત્રી જયેશ પટેલ, સુરત જિલ્લા પંચાયતના માજી ઉપપ્રમુખ રોહિત પટેલ અને માજી સંગઠન મહામંત્રી જગદીશ પારેખનો સમાવેશ થાય છે.

નવાં નામો ની રેસમાં ધારાસભ્યોની પસંદગી પણ સામે આવી છે. જાણવા મળ્યું છે કે બારડોલીના ધારાસભ્ય ઈશ્વર પરમાર અને મહુવાના ધારાસભ્ય મોહન ધોડિયા દ્વારા ભાવેશ પટેલના નામની જોરદાર પેરવી કરવામાં આવી છે. હાલની સ્થિતિએ સુરત જિલ્લા ભાજપમાં બે પક્ષો જેવી સ્થિતિ સર્જાઈ છે. એક પક્ષ માને છે કે માત્ર બે વર્ષના કાર્યકાળને કારણે જૂની ટીમ જ યથાવત રહેશે, જ્યારે બીજી તરફ પ્રદેશ દ્વારા નવાં નામો મંગાવવામાં આવતાં જૂના જોગીઓમાં ફફડાટ ફેલાયો છે. હવે જોવાનું એ રહેશે કે પ્રદેશ નેતૃત્વ સુરત જિલ્લા માટે 'ખાસ કિસ્સા'માં જૂની ટીમને જાળવી રાખે છે કે પછી નવા ચહેરાઓને સ્થાન આપી આશ્ચર્ય સર્જે છે.

કુકરમુંડા રાયોટિંગ કેસમાં વધુ ૩ આરોપીની ધરપકડ

કુકરમુંડા : કુકરમુંડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં બનેલા કોમ્યુનલ બનાવને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર ગતરોજ નાયબ પોલીસ અધિક્ષક આઈ.એન. પરમારના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર આઈ.ડી.દેસાઈ, પી.એસ. આઈ. કે.આર.ચૌધરી તેમજ પોલીસ કર્મચારીઓ, જીઆરડી અને હોમ ગાર્ડના સભ્યો સાથે સંયુક્ત રીતે ફુટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ સાથે રાયોટિંગના ગુનામાં કુકરમુંડા પોલીસે અત્યાર સુધી કુલ ૨૨ જેટલા આરોપીની ધરપકડ કરી છે. આ ધરપકડની કડીમાં ગતરોજ વધુ ૩ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે, જેમાં ગૌરવ ચૂડામણ સેદાણે, સાગર ભૂરુંલાલ ખાટીક અને રાજેશ રામદાસ ચૌધરી (તમામ રહે. કુકરમુંડા)નો સમાવેશ થાય છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. કુકરમુંડા પોલીસ દ્વારા વિસ્તારમાં કડક નજર રાખવામાં આવી રહી છે અને કાયદો હાથમાં લેતા તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ પોલીસ તરફથી જણાવાયું છે.

પાનોલીમાં બુટલેગર ઝડપાયો

અંકલેશ્વર: ભરૂચ એલ.સી.બી. પોલીસે ગત 7 જાન્યુઆરીએ પાનોલીના ભરણ ગામ પાસે દારૂના કટિંગ પર રેડ કરી 17.16 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસે 5350 બોટલ દારૂ અને એક કાર કબજે કરી હતી. ઘટના સ્થળેથી ફરાર થયેલા આરોપીઓ પૈકી મૂળ રાજસ્થાનના ઝાલુનાથ સુવાનાથ યોગીને બી ડિવિઝન પોલીસે બાતમીના આધારે પાનોલી વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો.

Milano MULTIPLEX
બારડોલી
The Raja Saab
10:00am, 12:00pm, 01:30pm, 02:30pm, 03:30pm, 06:00pm, 09:00pm, 10:00pm
Jai Kanhaiyalall Ki-Gujarati
07:00pm, 09:30pm
Bicharo Bachelor-Gujarati
11:00am
Dhurandhar - 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

ઘર વેચવાનું છે
બારડોલી ''પાઠક ફળિયા'' માં આવેલું અદ્યતન મકાન વેચવાનું છે.
સારી લોકાલીટી, જાગનાથ મહાદેવ મંદિર, જૈન દેરાસર, માર્કેટ, સ્કૂલ, બેંક, પોસ્ટઓફીસ નજીક
રસ ધરાવનાર વ્યક્તિએ નીચેના વ્યક્તિનો સંપર્ક કરી શકશે
કિશોરભાઈ (ભીખુભાઈ) વ્યાસ : 94268 39102
સંજયભાઈ જોષી : 98981 94850
(બ્રોકરોએ તસ્દી લેવી)
પાઠક ફળિયુ (રસ્તો)
RCC બાંધકામ ૨૧૧૦ચો.ફૂટ ગ્રાઉન્ડ + ફર્સ્ટ ફ્લોર
ખુલ્લી જગ્યા ૫૦૦ ચો.ફૂટ (લગભગ)
વ્યાસ ફળિયુ (રસ્તો)

જાહેર નોટીસ - કે.જે.નાયક, મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ સુરત શહેર અબ્રામાની કોર્ટમાં

નં.જ.મ.પ્ર/એસ.આર.નં. ૨૧/૨૦૨૫
તા.૧૮/૧૧/૨૦૨૫

વાદી: આકાશભાઈ અરવિંદભાઈ નાયક, બંને રહે.નવુ ફળીયુ, મુ.પો.ખોલવડ, તા.કામરેજ, જિ.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, સુરત મહાનગર પાલિકા સુરત

વિષય :- જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી આકાશભાઈ અરવિંદભાઈ નાયક, રહે. નવુ ફળીયુ, મુ.પો.ખોલવડ, તા.કામરેજ, જિ.સુરતના અરજદાર પોતે આકાશભાઈ અરવિંદભાઈ નાયકનું જન્મ તા.21/10/2002 ના રોજ મુ.પો.અબ્રામા, તા.અબ્રામા, જિ.સુરત ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

(કે.જે.નાયક)
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સુરત શહેર અબ્રામા જિ.સુરત

જાહેર નોટીસ - કે.જે.નાયક, મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ સુરત શહેર અબ્રામાની કોર્ટમાં

નં.જ.મ.પ્ર/એસ.આર.નં. ૨૨/૨૦૨૫
તા.૧૮/૧૧/૨૦૨૫

વાદી: પ્રકાશકુમાર અરવિંદભાઈ નાયક, બંને રહે.નવુ ફળીયુ, મુ.પો.ખોલવડ, તા.કામરેજ, જિ.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, સુરત મહાનગર પાલિકા સુરત

વિષય :- જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી પ્રકાશકુમાર અરવિંદભાઈ નાયક, રહે. નવુ ફળીયુ, મુ.પો.ખોલવડ, તા.કામરેજ, જિ.સુરતના અરજદાર પોતે પ્રકાશકુમાર અરવિંદભાઈ નાયકનું જન્મ તા.14/09/2000 ના રોજ મુ.પો.કડોર, તા.અબ્રામા, જિ.સુરત ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

(કે.જે.નાયક)
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સુરત શહેર અબ્રામા જિ.સુરત

ચુંટણી અંગેની જાહેર નોટીશ

આથી શ્રી ચલથાણ નાગરિક સહકારી ધિરાણ મંડળી લી.ના સભાસદોને જણાવવામાં આવે છે કે વર્ષ ૨૦૨૬ થી ૨૦૩૧ સુધીના ૫ વર્ષ માટે મંડળીની વ્ય.સમિતિની ૧૭ બેઠકો માટેની ચૂંટણી કરવાની થાય છે.

કુલ સંખ્યા ૧૭ પૈકી સામાન્ય બેઠકો ૧૪, મહિલા અનામત બેઠકો ૦૨, અનુસુચીત જાતી અને અનુસુચીત જનજાતી ની બેઠક ૦૧.

ચુંટણીનો વિગતવાર કાર્યક્રમ સંસ્થાની નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરેલ છે. જેની દરેક સભાસદોએ નોંધ લેવી.

લિ.
શ્રી કમલેશભાઈ દોલતભાઈ નાયક
શ્રી ઈશ્વરભાઈ છગનભાઈ પટેલ
(ચુંટણી અધિકારીઓ)

સ્થળ: ચલથાણ
તા: ૦૯/૦૧/૨૦૨૬

પાલોદ ગ્રામ પંચાયત મિલકતના બાકી વેરા ભરવા અંગેની જાહેર નોટિસ

આથી ગ્રામ પંચાયત પાલોદ હદ વિસ્તારમાં સમાવિષ્ટ મકાનો, ફલેટ, દુકાનો અને ઔધોગિક એકમો વગેરે તમામ પ્રકારની મિલકતોનાં માલિક / મિલકત ધારકોને જાહેર જાણ કરી જણાવવામાં આવે છે કે, મિલક્તનાં બાકી રહેલ પંચાયતનાં વેરા(સરકારી કરવેરા) દિન- ૧૦(દશ) ગ્રામ પંચાયત કચેરી, પાલોદ ખાતે ભરી જવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો, બાકીવેરાની મિલકતો પર બોજો લાદવા,મિલકત ટાંચમાં લેવામાં આવશે. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ - ૨૧૫ (૧) (૨) (૩) અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સહી- સરપંચશ્રી
પાલોદ ગ્રામ પંચાયત,
તા. માંગરોળ,જિ, સુરત.

સહી- તલાટી કમ મંત્રી
**પાલ